અપીલ અરજી નં.૩૧૧ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)
તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી વિભાગ)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૪–૭–૧૧ની અરજીથી કોસાડ ખાતે ચાલી રહેલા EWS આવાસ બાબતેની કાયદેસરતા સહિતની સંપૂર્ણ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૪–૭–૧૧ની અરજીથી કોસાડ ખાતે ચાલી રહેલા EWS આવાસ બાબતેની કાયદેસરતા સહિતની સંપૂર્ણ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્રેડેશન સેલ )ના પત્ર નં. એસયુસી/આઉટ નં./૧૦૧૪ તા. ૧૨–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે સ્લમ અપગ્રેડેશન અને જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ અંગે આયોજન–જગ્યાનું માપ, ક્ષેત્રફળ અને તે સમયેના પ્રત્યક્ષ કબજા અંગે દફતરી વિગતો રજુ કરવા તથા તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)કક્ષાએથી મુદ્દા નં.૩ અને ૬ અંગે દફતરી હકીકત આધાર સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૧ તા.૧૨–૧૦–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ), તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી વિભાગ) તથા અરજદારને ૧ થી ૮ મુદ્દા પૈકી કયા ચોકકસ મુદ્દા માટે કયા જાહેર માહિતી અધિકારી સામે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૪૭૫ તા.૧૯–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસયુસી/આ.નં.૧૦૧૪ તા.૧૨–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૫૨૫ તા.૫–૭–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપડી/આરટીઆઈ/આ.ન.૨૪૨/૧ તા.૧૮–૮–૧૧ થી મુદ્દા નં.૩ તથા ૬ અને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૪૨/૨ તા.૧૮–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડશનસેલને તબદીલ કરેલ પત્રની નકલ, કોસાડ જમીન એકવાયરમેન્ટના પ્રપોઝલ ડેવલપમેન્ટ પ્લાની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૭ તા.૧૫–૧૦–૧૧ નો પૂરક પત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી માંગેલ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૪–૭–૧૧ ની અરજીથી કોસાડ ખાતે ચાલી રહેલા EWS આવાસ બાબતેની કાયદેસરતા સહિતની સંપૂર્ણ માહિતી બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૨૫ તા.૫–૭–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૪૨/૨ તા.૧૮–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ અઘટિત વિલંબથી મુદ્દા નં.૧ અંશતઃ બાબતે કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડશનસેલને તથા મુદ્દા નં.૩ અને ૬ અંગે તેમના પત્ર નં.ટીપીડી/૨૪૨/૧ થી ઈન્કવાયરી વિભાગ મુદ્દા જાહેર માહિતી અધિકારી જણાવી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૦૧૪ તા.૧૨–૯–૧૧ થી સમય મર્યાદા બાદ મુદ્દા નં.૧ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે સદર પત્ર તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ નિર્ણય મળેલ નથી તથા ઘણી માહિતી છુપાવવામાં આવેલ છે તથા વિલંબથી કરેલ તબદીલ વિગેરે જણાવી તા.૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ

છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) કોસાડ ખાતે આવેલ EWS આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાએ ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે ખરીદેલ મોજે કોસાડની જગ્યાના ભાવિ વિકાસ માટે તૈયાર કરવામાં આવેલ માસ્ટર પ્લાન મુજબ એચ–૧ થી એચ–૫ (હાઉસીંગ) ની ૩૮.૧૫ હેકટર જમીનમાં સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત JNNURM-BSUP અંતર્ગત DPR મંજુર કરાવી આવાસ નિર્માણનું આયોજન હાથ ધરવામાં આવેલ. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) એસએમસીના કબ્જા વગરની જગ્યાનું સંપાદનની કાર્યવાહી કયા કર્મચારીના હાથ પર હતી તથા સંપાદન કયારે થયું જે વિગતો આપવી. મુદ્દા નં.(૩) સંપૂર્ણ પ્રકરણમાં કોઈ પણ કર્મચારીની ગેરરીતી સામે આવેલ હોય અને તેની ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો ગેરરીતી , કાર્યવાહીથી વિગતો આપવી. મુદ્દા નં.(૪) નિર્માણ કાર્ય શરૂ થયું ત્યારે જંત્રીનો ભાગ કેટલો હતો તથા વિવાદિત જમીન સંપાદન કરવામાં આવી ત્યારે જંત્રીનો ભાગ કેટલો હતો તથા આ પ્રકરણમાં ગેરરીતી કે બે જવાબદારી દાખવનાર કર્મચારીના નામ સહિત વિગતો આપવી. મુદ્દા નં.(૫) જમીન માલિકોની જમીન સંપાદન કરવામાં આવી તે કઈ જોગવાઈ આધારે કરી તથા જમીન માલીકોને વળતર શું આપવામાં આવેલ છે. વિગતો આપવી. મુદ્દા નં.(૬) ગેરરીતી કરનાર કર્મચારી વિરુધ્ધની ગેરરીતી મ્યુ. કમિ. સાહેબ સમક્ષ આવી તે વિગતો આપવી અને કાર્યવાહી કયારે કરી જે વિગતવાર માહિતી આપવી. મુદ્દા નં.(૭) વિવાદીત જમીન બાબતે અન્ય કેટલા અને કયા અરજદારોની ફરીયાદ આવેલ છે તેની વિગતો આપવી. મુદ્દા નં.(૮) ઉપરોકત પ્રકરણ બાબતે તત્કાલીન ટાઉન પ્લાનર શ્રી દીપકભાઈ શેઠની જવાબદારી શું હતી અને તેઓ ધ્વારા શું ભુમિકા ભજવવામાં આવી જેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે માંગણી કરેલ. આમ અરજદારે કરેલ અપીલ અરજીમાં અરજદાર પાસે જાહેર માહિતી અધિકારી વાઈઝ કયા મુદ્દા અંગે નારાજગી છે તેની વિગતો માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે રજૂઆત કરવાને બદલે જમીન સંપાદનની તથા તમામ મુદ્દાઓની માહિતી પૂરી પાડવા જણાવેલ છે. જે બાબતે મુદ્દા નં.૩ અને ૬ અંગે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી લાગત વિભાગ ઈન્કવાયરીમાં તબદીલ થયેલ નહીં હોવા છતાં અપીલ તબકકે લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી વિગતો માંગવામાં આવતાં તેઓ તરફથી પૂરક વિગતોમાં તેમને નમુના–ક ની અરજી દફતર તપાસતાં મળેલ નહીં હોવાનું જણાવી મુદ્દા નં.૩ અને ૬ અંગે મોજે કોસાડ ખાતે EWS આવાસનું બનાવવાની કામગીરી અંતર્ગત ખાનગી માલીકોની જમીનોને સંપાદન કરવા અંગેની કાર્યવાહીમાં બેદરકારી દાખવવા બાબતે નીચે જણાવેલ વિગતે જવાબદાર કર્મચારીઓને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. (૧) શ્રી ડી.આર.શેઠ ડે.ટાઉન પ્લાનર–૧૨૬૭૯ નં.જીએડી/ઈએસટી/આઈ/૭૯૪ તા.૩–૫–૧૦ (૨) શ્રી આશુતોષ એમ. દેસાઈ આસી. ટાઉન પ્લાનર–૩૬૨૭૨ નં.જીએડી/ઈએસટી/આઈ/૭૯૫ તા.૧૭–૧૨–૦૯ તા.૩–૫–૧૦ આ બંને કર્મચારીઓને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ અંગે શ્રી આશુતોષ એમ. દેસાઈને તા.૧૭–૯–૧૦ ના રોજ તેમજ શ્રી દિપક આર.શેઠને તા.૬–૧૦–૧૦ ના રોજ ડે.કમિ.(પેઅન્ડડી) સમક્ષ રૂબરૂ સાંભળવામાં આવ્યા બાદ, ટાઉન પ્લાનરશ્રી(બી) ના તા.૭–૧–૧૧ ના રોજ ડે.કમિ.(પીએન્ડડી) ને સાદર કરવામાં આવેલ રીપોર્ટ ઉપર ડે.કમિ.(પીએન્ડડી) ના આદેશ અન્વયે ઉકત બંને કર્મચારીઓને નવેસરથી ચાર્જશીટ આપવાનો આદેશ થયેલ છે અને તે અન્વયે ચાર્જશીટ સહી થવા પર પેન્ડીંગ છે. આમ જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી સદર માહિતી અપીલ તબકકે પૂરક વિગતોમાં આપવામાં આવેલ છે પરંતુ અરજદારને તે માહિતી પૂરી પાડેલ ન હોય પૂરી પાડવાની રહે. મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને સેન્ટ્રલઝોન તરફથી સમય મર્યાદામાં મુળ અરજી તબદીલ થયેલ હોવા છતાં તેઓ તરફથી નિયત સમય અવધિમાં લાગત વિભાગોને સમય અવધિમાં તબદીલ થયેલ નથી. ઈન્કવાયરી વિભાગની તબદીલીમાં જાહેર માહિતી અધિકારીનો યોગ્ય હોદ્દો સાથેની વિગતો જણાવેલ ન હોઈ સંભવ છે તે જાહેર માહિતી અધિકારીને સમયસર મળી ન હોય તેમજ તેમના વિભાગને સ્પર્શતા મુદ્દાઓ અંગે પણ અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતિના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૬ અંગે પૂરક વિગતોમાં જણાવેલ વિગતે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરીને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ અંશતઃ અને ૩ અને ૬ સિવાયની નહીં પૂરી પડાયેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. તથા અરજી સમયસર તબદીલ થાય અંગે તકેદારી લેવા પણ જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ), તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી વિભાગ) .... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ